ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*બારે માસ નેતાજી રહે છે પ્રવૃત્ત, ચૂંટણીમાં -*
*નવરા પડે નહીં, રહે છે ચારિત્ર્ય ચૂંટણીમાં -*
*જૂથણીના ખેંચતાણે છૂટે રામબાણ - દબાણ,*
*સમય જાય, કાપકૂપ, કપટની ગૂંથણીમાં...*
*(એક રાષ્ટ્ર - એક ચૂંટણી, ઉત્તમ સોનેરી સ્વપ્ન)*

હાઈકુ

*થાય વાદળ,*
*હોય ચૂંટણી ત્યાં જ -*
*વર્ષે વિકાસ!!*

*થાય યોજના -*
*વિકાસલક્ષી નહિં -*
*ચૂંટણી..લક્ષી...*

### ચિંતન

**ત્રાતારો દેવા અધિ વોચતા નો મા નો નિદ્રા ઈશત મોત જલ્પિઃ ।**
**વયં સોમસ્ય વિશ્વર પ્રિયાસઃ સુવિસાતો વિદથમા વદેમ્ ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

આળસ અને નકામા વાર્તાલાપથી બચવા માટે હંમેશા કાર્યશીલ રહેવું જોઈએ. આપણે દુર્ગુણોથી દૂર રહીએ, શ્રેષ્ઠ સંતાનોને જન્મ આપીએ અને બધા આપણા જ્ઞાનની ચર્ચા થાય.

જે માનવી, 'કામ કમ ઔર બાતેં જ્યાદા' ના સૂત્ર ને અપનાવી જે જીવે છે, તે માનવી આળસુ હોય છે અને તે તમોગુણી અને રજોગુણી પ્રવૃત્તિ છે. આળસુ માણસ આપ્રકૃતિક જીવન જીવે છે અને પોતાનું નુકશાન કરે છે. તે પોતાની નિષ્ફળતાની જવાબદારી બીજા પર નાખવાનો પ્રયાસ કરે છે. જ્ઞાની માણસ તેની ચાલને સમજી જાય છે.

આપણે આહાર નિંદ્રા તથા વિશ્રામ પર યોગ્ય નિયંત્રણ રાખવુ જોઈએ. બાળકોને પણ આળશથી દૂર રહેવાનું શિક્ષણ આપવું જોઈએ. તેમની સામે એક શ્રમશીલ તથા સંયમી માણસનું ઉદાહરણ રજૂ કરવું જોઈએ.

### સુવિચાર

- જિંદગી કી યહી રીત હૈ, પીઠ પીછે સબ કમીને ઔર સામને સબ સ્વીટ હૈ - **આચાર્ય રજનીશ**
- અજાણ્યા રસ્તા પર વીર આઘળ ધપી રહ્યા હોય છે,
  ડરપોક તો જાણીતા રસ્તે પોતાની તલવાર દેખાડી રહ્યા હોય છે - **નેપોલિયન**
- માણસ જયારે સચ્ચાઈના રસ્તે ચાલે તો GOD બની શકે
  અને બુરાઈના માર્ગે ચાલે તો DOG - **જીવનપાથેય**
- પ્રેમ કયારેય ભૂલનો દસ્તાવેજ રાખતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- કપડા વિનાનો ઘરેણાનો ભાર, અને વૈરાગ્ય વિનાનો બ્રહ્મવિચાર વ્યર્થ છે - **અખંડ આનંદ**
- હૈયું, મસ્તક, હાથ-પગ તેં આપ્યાં, હે પ્રભુ!! સત્કાર્યો કરી સર્વ દુઃખ મેં કાપ્યા - **નવનીત**
- આજનું ઔષધ : રોજ સવારે જમવામાં બીટનો સલાડ લેવાથી લીવર સ્વસ્થ રહે છે અને આંખોનું તેજ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નેપોલિયનની ફ્રાન્સીસી સેનાએ ભયંકર યુદ્ધના અંતે ઈંગ્લેન્ડની સેના પર વિજય મેવ્યો. ફ્રાન્સની સેનાએ ઈંગ્લેન્ડના કેટલાક સૈનિકોને બંદી બનાવ્યા. ઈંગ્લેન્ડ તરફથી ફ્રાન્સને બ્રિટીશ યુદ્ધકેદીઓ પાછા સોંપી દેવા જણાવ્યું. ઘણા બધા પત્રો તેને આ બાબતે મળતા. ઈંગ્લેન્ડનાં શાંતિદૂત તરીકે ત્રણ ચાર રાજકીય સામાજિક નેતા પણ આ યુદ્ધકેદીઓને છોડવા માટે પત્ર લખી ચૂક્યા હતા. પણ બ્રિટીશ કેદીઓને છોડવા નેપોલિયન તૈયાર ન હતો. ઈંગ્લેન્ડની આ માંગણીનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. આ દરમિયાન ઈંગ્લેન્ડના મહાન ડૉક્ટર તથા બળિયાની રસી શોધનાર ડૉ. એડવર્ડ જેનરે આ વેક્સિનની શોધથી ઘણા લોકોની જિંદગી બચાવી હતી તેમણે નેપોલિયનને બ્રિટીશ યુદ્ધકેદીઓને છોડી માનવીય અભિગમ અપનાવવા માટે પત્ર લખ્યો. ડૉ. જેનર ઈંગ્લેન્ડના હોવાથી નેપોલિયન ને એમના તરફ સુગ અને શત્રુતા હતા. તેમ છતાં પત્ર વાંચી તેમનો આ મનોભાવ બદલાયો. એમને યાદ આવ્યું કે આ ડૉક્ટરની શોધ એ સંપૂર્ણ માનવ જાતિ પર મોટો ઉપકાર છે. નેપોલિયને ચોવીસ કલાક ગંભીરતાથી ચિંતન કર્યું અને એના સેનાપતિને બોલાવ્યો અને કહ્યું, 'ડૉ. જેનરની વાત ટાળી શકાય નહીં, જાઓ. અને તમામ યુદ્ધકેદીઓને આજે જ ઈંગ્લેન્ડ પાછા મૂકી આવો.' સાચું જ કહેવામાં આવ્યું છે કે 'વિદ્વાન સર્વત્ર પૂજાય છે.'

# યુકેના પ્રવાસીઓની અકળામણ

જયારથી બ્રિટનમાં કોરોનાની વધુ ખતરનાક સ્ટ્રેનની ઓળખ થઈ છે ત્યારથી દુનિયા આખી એના ભયથી ધ્રૂજી ગઈ છે. શરૂઆતના તબક્કે એવું તારણ રજૂ થયું હતું કે નવી વરાઈટી સિત્તેર ટકા વધાર ઘાતક પુરવાર થવાની સંભાવના છે. બ્રિટનમાં લંડન સહિતનાં ઘણાં શહેરોમાં આ મુદ્દે લોકડાઉનના આદેશોનું ચુસ્ત પાલન કરાવાઈ રહ્યું છે. ઘણા દેશોએ તાબડતોબ બ્રિટનથી આવતી ફલાઈટો પર પ્રતિબંધ ફરમાવ્યો હતો જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. આજથી યુકે જતી ફલાઈટો ફરી શરૂ થનાર છે અને તારીખ ૮મી જાન્યુઆરીથી ત્યાંની ફલાઈટો પણ આવી શકશે, પરંતુ કોરોના પ્રોટોકોલનું કડક પાલન કરાવાશે. યુકેથી ભારત આવી ગયેલા પ્રવાસીઓને ભારે જહેમતપૂરવક શોધી કાઢી એમને નવી કોરોના સ્ટ્રેન સંદર્ભે ક્વૉરન્ટાઈન કરાયા છે. આવા સાધનસંપન્ન નાગરિકોને તંત્રની કડકાઈ આકરી લાગે તે સમજી શકાય એમ છે. તેઓ વહેલી તકે મુક્ત થવા ઈચ્છે છે પરંતુ પ્રજાની સલામતી ખાતર નિશ્ચિત સમયગાળા સુધી એમને હોસ્પિટલમાં અલગ ફળવાયેલ યુકે વોર્ડમાં રહેવું પડે એમ છે. આથી તેઓ તંત્ર વિરુદ્ધ વિવિધ સ્તરે બળાપો કાઢવા લાગ્યા છે. સુવિધાઓ મુદ્દે ફરિયાદો કરી રહ્યા છે. જુનિયર ડૉક્ટરોને એમની સારવારમાં મુકાયા હોવાની વાત કરે છે તેમ જ વોર્ડ બહાર સિક્યુરિટી મુકાઈ હોવાથી માનસિક ત્રાસ અનુભવી રહ્યા છે. આવી પરિસ્થિતિ પેદા થાય ત્યારે ટેન્શનમાં આવેલ દરદીઓને મનોચિકિત્સક તપાસે તે ઈચ્છનીય ગણાય. તંત્રે માનસિક રોગોના ડૉક્ટરો મોકલી આપ્યા એથી આ પ્રવાસીઓ વધુ ચિડાયા છે. ભળે યુકેથી આવ્યા હોય અને યુકેના જ નાગરિકો હોય પરંતુ એમની માનસિકતા તો અભણ ગામડિયા જેવી જ ગણાય. તેઓ ફરિયાદ કરે છે કે અમે કંઈ ગાંડા થઈ ગયા છીએ કે અણને તપાસવા સાઈકિયાટ્રિસ્ટ મોકલવામાં આવે છે? હકીકતમાં આવી મનોદશા સર્વ સામાન્ય છે. 'સાઈકિયાટ્રી' એ આધુનિક જમાનાના માનવીની રોજિંદી જરૂરિયાત બની ગઈ છે. એ માત્ર ગાંડપણનો ઈલાજ નથી કરતી. એમાં ચિંતા, ભય, ટેન્શન - મનોભાર, ફ્રસ્ટ્રેશન અને ડિપ્રેશન સહિતની અનેક પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે. જે વર્તમાન યુગની વિટંબણાઓ છે. સાઈકિયાટ્રિસ્ટ અને સાઈકોલોજિસ્ટ તનાવ દૂર કરવા માટેનું કાઉન્સેલિંગ - માર્ગદર્શન આપવા આવે છે. જયારે વૈજ્ઞાનિક આધાર પર યુકેના દરદીઓને સામાન્ય લક્ષણો હોવા છતાં

**તંત્રીસ્થાનેથી...**

જડબેસલાક ક્વૉરન્ટાઈન કરીને સારવાર અપાઈ રહી છે ત્યારે એમાં દરદીને રોગમુક્ત કરવા ઉપરાંત એ બીજા સાજા માણસોને ચેપ ન લગાડે તે મુદ્દો મહત્ત્વનો બની રહે છે. જો બ્રિટનનો ઘાતક કોરોના સ્ટ્રેન દેશમાં ફેલાવા માંડે તો માંડ કાબૂમાં આવેલ પરિસ્થિતિ ફરી બગડવાની પાકી સંભાવના છે. એ અંગે અનેક નિષ્ણાંતો અગમચેતી દાખવવાની સલાહ આપી ચૂક્યા છે. એટલે યુકેના પ્રવાસીઓની અકળામણ છતાં એમને નિશ્ચિત સમયગાળા સુધી એસવીપી હોસ્પિટલની મહેમાનગતિ તો માણવી જ રહી. એમની શુલ્લક ફરિયાદો પૈકી સવારે છ વાગ્યે ચા અને સાત વાગ્યે નાસ્તો અપાતો હોવાનું એમને વહેલું પડતું હોવાની બાબતનો પણ સમાવેશ થાય છે. માણસે સમજવું જોઈએ કે પોતે વિશાળ જનસમુદાય માટે ભયજનક લાગી રહ્યો હોય ત્યારે એણે આવી સુવિધાઓ પર પોતાની શરતો નહીં લાદવી જોઈએ. દુનિયા વાહનવ્યવહારને કારણે એવી ખતરનાક પરિસ્થિતિમાં મુકાઈ ગઈ છે કે ચીનના વુહાન શહેરમાં દેખાયેલું વાઈરસ જોતજોતામાં આખી દુનિયાનો ભરડો લઈ બેઠું છે અને પ્રગતિની કૂચ બલકે માનવજીવન ખોડંગાઈ ગયેલ છે. વધુ ઘાતક સ્ટ્રેનને વેળાસર રોકી દેવામાં ન આવે તો ઘણી ભારે કિંમત ચૂકવવી પડે એમ છે. હજી કોરોનાના ભયમાંથી તો છૂટકારો નથી મળ્યો ત્યાં કેરળ, તમિલનાડુ, ઝારખંડ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ખતરનાક બર્ડ ફ્લુએ દેખા દીધી છે. માનવી પ્રકૃતિના પડકારો સામે ઝઝૂમીને એનું અસ્તિત્વ ટકાવી રાખતાં શીખ્યો છે. પ્રકૃતિ પણ એની સામે અવનવી આફતો સરજીને એની જીવનશક્તિને જ વધારે મજબૂત નહીં બનાવતી હોય એની શી ખાતરી?

# જીવનમાં બધું પરિવર્તનશીલ છે...

નવાં કલેવર

નટવર હેડાઉ

શિક્ષિકા સુનંદાબહેને પોતાના કલાસમાં આવી વિદ્યાર્થીઓ સામે જોયું. કોરાનાકાળના લાંબા સમય બાદ શાળા ખુળી હોવાથી વિદ્યાર્થીઓ ખુશખુશાલ હતા. સુનંદાબહેને કહ્યું, 'આટલા દિવસથી તમે ઘરે જ હતા. ઓનલાઈન ભણ્યા પણ હશો અને ખુબ મજા પણ કરી હશે. તો ચાલો આજે હું તમારો સરપ્રાઈઝ ટેસ્ટ લઉં છું.'

આ સાંભળતાં જ વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાઈ ગયો. અમુક પોતાના પુસ્તકોનાં પાનાં ફેરવવા લાગ્યા. તો કોઈ વળી નોટ્સ વાંચવા લાગ્યા.

'એ બધું કામ નહીં લાગે.' સુનંદાબહેન બોલ્યા. અને હંસી પડ્યા.

સુનંદાબહેને બધા વિદ્યાર્થીઓને પેપર વહેંચી દીધાં અને કહ્યું, 'હવે તમે પેપર જોઈ શકો છો.' તુરંત બધા પેપરને જોવા લાગ્યા. 'પણ આ શું? પેપરમાં તો કાંઈ પ્રશ્ન હતા જ નહીં. હાં આખા કાગળમાં એક કાળા રંગનું ટપકું હતું.'

'મેડમ, આ શું છે? આમાં પ્રશ્ન તો છે જ નહીં?' એક વિદ્યાર્થીએ ઊભા થઈ પૂછ્યું.

'જે છે તે તમારી સામે જ છે. તમારે તેની વ્યવસ્થા કરવાની છે. પણ ધ્યાન રાખજો, તેના માટે તમારી પાસે માત્ર દશ મીનીટ છે.' ચપટી વગાડતાં સુનંદાબેન બોલ્યાં.

વિદ્યાર્થીઓ આ વિચિત્ર પ્રકારના પ્રશ્નનો જવાબ લખવામાં લાગી ગયા. દશ મિનિટ થતાં જ શિક્ષિકા સુનંદાબહેને સમય પૂરો થવાની જાહેરાત કરી. અને ઉત્તરવહીંઓ ભેગી કરવા લાગ્યાં. શિક્ષિકા સુનંદા બહેને બધાનો ઉત્તરો તપાસ્યા. દરેકે કાળા ટપકાંને પોતાની રીતે સમજાવવાની કોશિશ કરી હતી. પરંતુ કોઈએ પણ તે ટપકાંની આસપાસ દેખાતી સફેદ જગ્યા બાબતે કંઈ લખ્યું ન હતું.

શિક્ષકા સુનંદાબહેને ગંભીર સ્વરે કહ્યું, 'આ પરીક્ષા લેવા પાછળનો મારો એક માત્ર હેતુ હતો. હું તમને જીવનનું એક અદ્ભૂત સત્ય સમજાવવા માંગુ છું. જુઓ આ કાગળ તેનો ૯૯ ટકા ભાગ સફેદ છે. પરંતુ તમારામાંથી કોઈએ તેની બાબતમાં કંઈ લખ્યું નથી. અને તમારી સો ટકા શક્તિ તમે જે ટપકું માત્ર એક ટકો કહેવાય તેને સમજાવવામાં વાપરી નાંખી. આ જ વાત આપણા જીવનમાં પણ જોવા મળે છે.'

મુશ્કેલીઓ, હાડમારીઓ, સમસ્યાઓએ આપણા જીવનનો એક નાનો હિસ્સો છે, પરંતુ આપણે આપણું સમગ્ર ધ્યાન તેના પર લગાવી દઈએ છીએ. કોઈ માણસ રાત દિવસ પોતાના રૂપરંગની ચિંતામાં પરેશાન રહે છે. તો કોઈ વળી ભવિષ્યને લઈને ચિંતામાં ડુબેલો રહે છે. કોઈ પૈસા ન હોવાની વાતે રોદણાં રડે છે. તો કોઈ વળી બીજાંની નાનકડી ફૂલને પોતાના મગજમાં લઈ ફરે છે.

ગયા વર્ષની મુશ્કેલીઓને શા માટે યાદ કરવી જોઈએ. તેનાં કરતાં શું સારું થયું તે વાતે આપણે ખુશ ન થઈ શકીએ? લોકડાઉનમાં ઘરનું શુધ્ધ ભોજન ખાવા મળ્યું તે માટે પ્રભુનો પાડ માનવો જોઈએ કે નહીં? આપણે આપણા કુટુંબમાં સ્નેહાળ સભ્યો, મિત્રો અને સંબંધીઓની ભૂલોને ભૂલી જઈ આપણા સંબંધોને તૂટવા બચાવવા પ્રયત્ન કેમ કરતાં નથી. જીવનમાં બધું પરિવર્તનશીલ છે. ત્યારે સકારાત્મક વિચાર જીવનને સુખી કરે છે.' શિક્ષિકાની આ વાતથી વિદ્યાર્થીઓ ગદગદ થઈ ગયા.

# માનવીય સંબંધોમાં શું લોહીનાં સંબંધો જ સર્વોપરી હોય છે ?

(વિચાર બીજ અને પ્રસંગ સૌજન્ય : શ્રી ગોરધન પટેલ 'કવિ' માંડવી, કચ્છ)

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

આપણે સૌ કદાચ એવું માનીએ છીએ કે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેનાં સર્વે સંબંધોમાં લોહીનાં સંબંધોની તોલે બીજા કોઈ જ સંબંધો ના આવી શકે, લોહીના સંબંધોની તુલના બીજા કોઈ સંબંધો સાથે ના થઈ શકે. આમ જોઈએ તો આ વાત સાચી પણ છે પણ આપણાં સમાજમાં બનતી કેટલીક ઘટનાઓને જોયા પછી કે તેના વિષે સાંભળ્યા પછી આપણાં મનમાં કેટલાક પ્રશ્નો અચૂક ઉદભવે. એ પ્રશ્નો એવા છે કે માનવીય સંબંધોમાં શું લોહીનાં સંબંધો જ સર્વોપરી હોય શકે? શું લોહીનાં સંબંધો જ સાચા સંબંધો? લોહીનાં સંબંધો સિવાયના બીજા સંબંધોમાં લોહીનાં સંબંધો જેટલી આત્મીયતા ના હોય શકે? શું આપણાં સંબંધો લોહીના સંબંધો પુરતા જ સીમિત હોય શકે? બિલકુલ અજાણી વ્યક્તિ સાથે શું અચાનક જ લાહીનાં જેવા જ સંબંધો થઈ બંધાઈ જતાં હોય છે? એ પ્રકારે કેળવાયેલા સંબંધોનું આપણાં જીવનમાં મૂલ્ય કેટલું? આ પ્રશ્નો અને આ પ્રકારના કેટલાક અન્ય પ્રશ્નોનું જ્યારે મનોમંથન ચાલતું હોય છે ત્યારે આપણાં ભવ્ય ઈતિહાસ, ભૂતકાળ અને વર્તમાન સમયની કેટલીક વરવી ઘટનાઓને યાદ આવી જતી હોય છે.

ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનેક બહારવટીયાઓ થઈ ગયા. બહારવટીયાઓ પોતાના વટને ખાતર સરકાર કે રાજ સામે બહારવટું ખેલતા. બહારવટીયાઓને પણ પોતાના જીવનના કેટલાક મૂલ્યો હતા જેના વિષે ગુણગાન ગાતા આપણાં લોક સાહિત્યકારો અને કલાકારો થાકતા નથી. આવા જ એક બહારવટીયા કાદુ મકરાણીના (૧૮૧૧-૧૮૮૭) જીવનની એક વાત આપણાં રાષ્ટ્રીય કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીએ નોંધી છે.

આપણાં ગુજરાતમાં પ્રૌઢ અવસ્થા કે તેનાથી મોટી ઉમરની કદાચ કોઈ વ્યકિ એવી નહીં હોય કે જેને કડુ મકરાણી જેવા બહાર્વતીયનું નામ ન સંભાળ્યું હોય. એક દિવસ જુનાગઢ તાબેના વડાલ ગામને ભાંગવાં માટે કાદુ મકરાણીએ જાસો મોકલ્યો. નિર્ધારિત દિવસે કાદુ મકરાણી અને તેની ફોજે વડાલ ગામની આસપાસના ડુંગરાઓમાં પોતાના પડાવ નાખ્યા. એ ગામમાં એક પટેલ કુટુંબની વહુ પિયરથી આણું વાળીને આવી જ હતી. કાદુના ડરથી લોકો ઘરની બહાર નીકળતા ન હતા પણ પોતાનો પતિ વાડીએ ભૂખ્યો હોય આણું વાળીને આવેલી વહુને થયું ચાલ પતિને વાડીએ જઈને ભાત દઈ આવું. વહુ ભાથું તૈયાર કરીને સાથે લઈને ઘરની બહાર નીકળી. સાસુની વહુ ઉપર નજર ગઈ અને જોયું તો વહુએ તો આખા શરીરે સોનાના ઘરેણાં પહેર્યા હતા. સાસુને ખબર હતી કે કાદુએ ગામની આસપાસના ડુંગરાઓમાં ધામા નાખ્યા છે. સાસુએ વહુને રોકી અને પછી ટોકીને કહ્યું કે ''વહુ બેટા ભાત દેવા ભલે જાવ, પણ ઘરેણાં ઉતારીને જાવ, પેલો તમારો બાપ કાદુ બધુ લૂંટી લેશે ને શરીર ઉપર એક પણ ઘરેણું રહેવા નહીં દે'' સાસુની ટકોર સાંભળીને વહુ ફરી પછી ઘરમાં ગઈ અને પોતે પહેરલા સાસરિયાએ આપેલા ઘરેણાં સાથે પોતાના માવતરે આપેલા બીજા ઘરેણાં પણ પહેરી લીધા. વહુ ભાત આપવા માટે ઘરની બહાર નીકળતી હતી ત્યાં સાસુએ ફરી પછી તેને ફરી પાછો ટોણો માર્યો કે કે ''ઘરેણાં ઉતારીને જાવ વહુ, તમારો બાપ કાદુ બધુ જ લૂંટી લેશે.'' વહુએ સાસુના વેણને ગણકાર્યા નહીં અને એ તો ચાલી નીકળી પોતાના પતિને ભાત આપવા.

એ સ્ત્રી સીમમાંથી ચાલી જતી હતી ત્યાં કાદુ મકરાણીની ફોજનાં માણસોએ તેને આંતરી અને બધા જ ઘરેણાં આપી દેવા માટે હુકમ કર્યો. એ સ્ત્રીએ એ કહ્યું કે તમારો હુકમ માનીને બધા જ ઘરેણાં તમને આપી તો દઉં પણ એ પહેલા એકવાર મારે તમારા કાદુ મકરણીને મળવું છે. માણસોને આશ્ચર્ય તો થયું પણ કાદુના ખૌફની તેના માણસોને પણ ખબર હતી એટલે એ સ્ત્રીનો તરત જ કાદુ સાથે મેળાપ કરાવ્યો.

આખાયે શરીરે ઘરેણાથી શોભતી સ્ત્રીને નીચી નજરે કાદુએ પૂછ્યું કે તેને ખબર છે કે આ કાદુની ફૌજ ગામની સીમમાં ધામા નાખીને પડી છે, તારા ગામને ભાંગવાં માટે અમે જાસો પણ મોકલ્યો છે તો તને કદુનો દર નથી? તું ઘરેણાં પહેરીને શા માટે ઘરની બહાર નીકળી? એ સ્ત્રીએ બેફિકર થઈને જવાબ આપ્યો કે ઘરેણાં પહેરીને નીકળી ત્યારે મારી સાસુએ પણ મને ટોણો માર્યો હતો કે સીમમાં ધામા નાખીને બેઠેલો તમારો બાપ કાદુ એકેય ઘરેણું રહેવા નહીં દે. હવે મારે જોવું છે કે કડુ મકરાણી જો મારો બાપ થતો હોય તો એને બાપ થતાં આવડે છે કે નહીં. મારે જોવું છે કે એક બાપ દીકરીના ઘરેણાં કેવી રીતે લૂંટે છે.

પોતાની દીકરી જેવડી એક અજાણી વહુવારુનાં શબ્દો કાદુના હૃદય સોંસરવા ઉતારી ગયા. કાદુ સડ્ક થઈ ગયો. તેની આંખોમાં મોતી બાઝી ગયા. કાદુએ ગદગદ થઈને કહ્યું કે '' તેં મને બાપ કહ્યો છે તો આજથી તું મારી દીકરી ને હું તારો બાપ. મને ખબર છે કે બાપને મળવા આવેલી દીકરીને ખાલી હાથે પાછી ના મોકલાય. મારી પાસે તને આપવા માટે હાલ તો કઈ નથી પણ લે, આ એક વીંટી છે જે મને કોઈએ આપેલી, એ હું તને આપું છુ.'' એમ કહીને કાદુએ પોતાની આંગળીમાં પહેરેલી એક માત્ર વીંટી દીકરીને આપી દીધી. કાદુએ આગળ કહ્યું કે ''તારી સાસુને અને વડાલના ગામલોકોને કહેજે કે આજ પછી હવે વડાલ ગામમાં કાદુની દીકરી રહે છે એટલે કાદુ તો ક્યારેય એ ગામ સામે નજર નહીં કરે પણ બીજા કોઈ બહારવટીયાએ પણ તારા એ ગામ સામે નજર કરી તો આ કાદુ એમની પણ આંખ ખેંચી લેશે.''

વડાલ ગામની એ વહુવારુ દીકરીનાં બે શબ્દોએ કાદુને અદ્રશ્ય પણ એ જોરદાર થપાટ મારી દીધી. એ બે શબ્દોએ કાદુના હૃદયને હચમચાવી નાખ્યું. એ બે શબ્દોએ કાદુના હૃદયને વીંધી નાખ્યું. એ બે શબ્દોએ કાદુના મન અને હૃદયમાં એક ઝબકારો કરી દીધો અને એ ગામની એક વહુવારુ સાથે દીકરી જેવા સંબંધો બાંધવા માટે મજબૂર કરી દીધો. કાદુના અને એ વહુવારુ સ્ત્રીના, એ બાપ-દીકરીના સંબંધો લોહીના ન હતા છતાં એ સંબંધો લોહીના સંબંધો જેવા જ રહયા. કહેવાય છે કે કાદુ મકરાણીએ એ દીકરી સાથે બાપ તરીકેના વ્યવહારો જિંદગીભર સાચવ્યા હતા.

(ક્રમશઃ)

# રૂટિન લાઈફ એ રીતે જીવો કે અંતે કોઈ રિગ્રેટ ના રહે!

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સમય અવિરત ચાલ્યા જ કરે છે અને તેના દિવસ-અને રાતની વચ્ચેની આપણી આ અમૂલ્ય જિંદગી પસાર થતી જ રહે છે. જિંદગી વિશે જે જ્ઞાન મળે છે તે માટેની કોઈ પાઠશાળા, શાળા, સંસ્થા નથી હોતી પરંતુ જીવવું પડે, પડવું પડે, ઘાયલ થવા છતાં ફરી પ્રયાસો કરવા પડે, અન્યની તથા સ્વયંની લાગણીઓને સમજવી પડે અને આ રીતે જ જિંદગી માટે બધુ જ્ઞાન પ્રાપ્ત થતું રહે છે! બીજાના સુખમાં જ મારું સુખ છે તેવું પ્ર.પૂ. પ્રમુખ સ્વામી બાપા કહેતા એ વાક્યમાં બહુ જ ઉત્તમ અને ઉમદા વાત રહેલી છે તે હવે સમાજને પણ સમજાઈ રહી છે. આપણા સમાજમાં એક એવી કહેવત પ્રચલિત છે કે ઘરનો રોટલો બહાર ખાવાનો હોય છે!! મતલબ આ કહેવતનો એવો છે કે દરેક વ્યક્તિ જે કંઈ સમાજને, પરિવારને, રાષ્ટ્રને અર્પણ કરશે એ જ તેને સમય જતાં પરત અવશ્ય મળશે અર્થાત્ જેવું વાવીએ એવું જ ઉગે જો હરિની મરજી ફરી તો ઉગેલું તો શું પણ કશું જ ના પણ પ્રાપ્ત થાય. જીવનની સાર્થકતામાં દરેક વિચાર તથા કર્મની ફળ આપવાની ક્ષમતાને સમજવામાં જ રહેલી છે. સમજણ પણ યોગ્ય સમયે ના આવે તો બધુ વ્યર્થ છે.

હર કિસી કો અપને જ્ઞાન કા અભિમાન હોતા હૈ,
પર અપને અભિમાન કા જ્ઞાન નહિ હોતા હૈ!
વો લોગ મેરે લિયે બહુત માઈને રખતે હૈ,
જો વક્ત આને પર સામને આઈને રખતે હૈ!

વરસાદ સમય વીતી જાય પછી ખૂબ પડે છતાં તેની મહત્તા રહેતી નથી કેમ કે વાવણીનો યોગ્ય સમય વીતી ગયો એટલે તેનું યોગ્ય વળતર ગયું. જીવનમાં પણ વિતેલી ક્ષણ કદી પરત આવતી નથી કે પરત કોઈ લાવી શકતું નથી. આ વાત વિદ્યાર્થીકાળમાં જેને સમજાઈ ગઈ એ જીવનમાં કંક સારું પ્રાપ્ત કરી ગયા. અભ્યાસ માટેના વર્ષોમાં મોજશોખ વર્જ્ય કહેવામાં આવેલા છે. છતાં પરિવર્તનના કાળમાં વિશ્વ અને વિશ્વનું બધું મોબાઈલમાં આંગળીના ટેરવે હાજર છે. આ સમયમાં હવે વિવેકબુદ્ધિ કેળવાય તે પરિવારના વડીલો એ અને શાળાના ગુરુજનોએ સુનિશ્ચિત કરવું પડે. રૂટિન લાઈફમાં ખૂબ ઉમદા જીવન વિતે તેની કાળજી લેવા માટે વિશેષ તકેદારીઓ લેવી પડે તેવો કળિયુગ ચાલી રહ્યો છે. રૂપ, રૂપિયા અને રૂઆબ આ દુનિયાના બહુ મોટા આતંકીઓ બની ગયા છે જે સામાન્ય રીતે લોકોને જલ્દીથી સમજાતું નથી માટે આ મુદ્દે ચિંતન જરૂરી લાગે છે.

આજની દુનિયામાં માણસ જેટલું બહાર બતાવીને જીવે છે એના કરતાં વધારે અંદર દબાવીને જીવે છે, એટલે જે વ્યથા - પીડાઓ બંધ થતા નથી. કદર પણ યોગ્ય સમયે કરવી જોઈએ અને તેને વ્યક્ત કરવી ખૂબ જ આવશ્યક છે. પ્રશંસા કરવા માટે પણ હૃદયની વિશાળથાની ખૂબ અછત છે, જેમાં પૈસાનો ખર્ચ નથી તેમ છતાં સાચાની, સાચા કામોની પ્રશંસા થતી નથી અને ઘણીવાર તેની નિંદા કે ટિકાઓ થાય છે - પછી સમાજમાં ગ્લાનિના તરંગો ઘટે તો કઈ રીતે ઘટે? ત્રીજું સુખનો સાચો આધાર કેટલું દોડી શકો છો તેના કરતા કેટલું છોડી શકો છો તેના ઉપર જ હોય છે એ બધા ભૂલી રહ્યા છે. પૂર્વગ્રહ છોડવા જીદ છોડવી, ધૃણા છોડવી અને મમત્વ છોડવું આ બધાનો સમાવેશ પણ અવશ્ય થઈ જાય છે. આપણે મહાભારત અને રામાયણ ટીવી સીરીયલો જોઈ - તેમાં એક મહત્ત્વનો સારાંશ એ જોવા મળેલો કે જેમે કપટ રાખ્યું કે ધર્મોથી વિમુખ થઈ લુચ્ચાઈ કરી એ બધાનો જડમૂળથી વિનાશ થઈ ગયો. રોજિંદા નિત્ય જીવનમાં રાખે સૂતા પહેલા પ્રત્યેક વ્યક્તિએ એક સવાલ પોતાની જાતને પૂછવો જ જોઈએ કે હું આજે કોઈને ઉપયોગી થયો હતો કે નહીં? પરમાત્મા પ્રેમથી મળે છે જ્ઞાનથી નહીં એ જ રીતે માનવજાતને સાર્થક બનાવવાના આયોજનને આપણે અમલી કરવું પડે જેના લીધે પૃથ્વી ઉપરથી ચીર વિદાય લેતી વખતે કોઈ રિગ્રેટ (પછતાવો) ના થાય !! બાહ્ય ભભકો વધુ તેમ આંતરિક ગરીબી વધુ વિસ્તૃત એવું જે કૃષ્ણમૂર્તિનું વિધાન સમજવા જેવં છે. (THE GREATER THE OUTWARD SHOW, THE GREATER THE INWARD POVERTY) ચોથી વાત છે કે દરેક કાર્ય વિચારી ને કરવું ધર્મસંબંધી કાર્યતત્કાળ કરવું એ અહિત જેવા લાગતા કાર્યો શક્ય એટલા વિલંબ બાદ આત્મના અવાજ મુજબ ટાળવા અથવા કરવા જોઈએ જેનો લાભ એ છે કે રિગ્રેટ કરવાનું આપણા હિસ્સામાં કદી ભરી રાખતી નહીં એ અંતે રિગ્રેટ બાજુ લઈ જાય છે. જીવન એક મહાન તક જીવન સાર્થક્યની મળેલી છે તે ભૂલી જાય તેની જીવન અવધિ ઈશ્વર પણ વધારી શકતો નથી. યુટિલીટી ઝઈરો થઈ કે લાઈફ લાઈન પૂર્ણ વિરામ સમજી લેવું - આ કડવું સત્ય છે.

બહુત સૌદે હોતે હૈ સંસાર મેં મગર
સુખ બેચનેવાલે ઔર
દુઃખ ખરીદને વાલે નહીં મિલતે
પતા નહીં ક્યો લોગ રિશ્તે છોડ દેતે હૈ લેકિન જીદ નહિં...!!

બુદ્ધનું વિધાન છે કે અશાંત તમે એટલા માટે રહ્યા કરો છો કે જે બહુ જ જરૂરી નથી તેની પાછળ સતત પડો છો.

નાનકડા ખિસ્સામાં એક મોટું સપનું જાગ્યું બસ...
ત્યારથી જ સુખ-શાંતિને ખોટું લાગ્યું!!

કિસી કે અંદર જિંદા રહને કી ખ્વાહિશ મેં, હમ અપને અંદર આહિસ્તા આહિસ્તા મર જાતે હૈ!

છેલ્લે વાત કરવી છે કે સોસિયલ મીડિયમાં એક વિડીયો મળ્યો જેની અંદર રજૂઆત થઈ છે તે તે ખુબ ચિંતન કરવા જેવી છે. વિદેશમાં એક મહિલા તબીબ અને જીવનમાં છેલ્લી વિદાય વેળાના દરદીઓની સંભાળ તેણી લેતી હતી અને દરેક દરદીને વાત વાતમાં પૂછતી કે તમને જીવનમાં કોઈ રિગ્રેટ જણાય છે ખરો? ભૌતિક ચીજો નહીં મેળવ્યા બાબત પછતાવો થતો નથી પરંતુ ફિલિંગ્સ બાબતે ખૂબ થયાનું આ નર્સ તબીબે (ઓસ્ટ્રેલિયા) નોંધ્યું છે. મરવા જઈ રહેલા દરદીઓનાં રિગ્રેટ્સમાં જે સામ્ય લાગ્યું તેવા પાંચ રહસ્યો વિશે ઉલ્લેખ કર્યો છે.

(૧) હું મારી ઈચ્છા મુજબ જીવન ના જીવી શક્યો. લોકોના મંતવ્યોને જ બહુ ધ્યાનમાં લીધાનો પછતાવો.

(૨) કમાણી માટે પરિવારને માટે સમય નહિં કાઢ્યાનું રિગ્રેટ.

(૩) જે વાત યોગ્ય સમયે યોગ્ય પાત્રો પાસે વ્યક્ત નહિ કર્યાનું રિગ્રેટ.

(૪) મિત્રો સાથે જીવનના સુખ દુઃખ નહિ શૅર કરવાનું દુઃખ.

(૫) જીવનમાં પોતાની ખુશી માટે ખાસ કાળજી નહીં લીધાનું રિગ્રેટ.

૨૦૨૧ના નવા વર્ષમાં આપણે જીવન સાર્થક્ય કેળવવા પ્રતિજ્ઞા લઈશું તો જરૂર સુખી થવાનં મહેસૂસ કરીશું.

**શેર આસ્વાદ :**

**પૂજા થા જિસકો વો ખુદા ના બન સકા**
**ઈબાદત કરતે કરતે હમ ફકીર હો ગયે**